જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૨/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૫૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી ૩૨ વ્યક્તિઓને ઝડપી ૩૦૮ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૩૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯૮૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૫૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૯ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૫૭/૧૬**

**વાડજ :** મનુભાઇ પરમારભાઇ મકવાણા (ઉ.વ.૫૦)(રહે.હનુમાનપુરાની ચાલી, જુનાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ઘર નજીક પોતાની સાસરીમાં પોતાની દિકરી મનિષા (ઉ.વ.૨૨) ને તેના પતિ રમેશભાઇ પરષોત્તમભાઇ પરમારે કોઇ અગમ્ય કારણસર કેરોસીન છાંટી, દિવાસળી ચાંપી દિધી હતી. સારવાર અર્થે મનિષાબહેનને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૫૮/૧૬**

**સોલા હાઇકોર્ટ :** ચાંદલોડીયા વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષની તરૂણીએ તા.૨૨/૨/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી સંન્ની ગીરીશકુમાર શાહ (રહે.સેક્ટર-૫, ચાણક્યપુરી ઘાટલોડીયા) એ આશરે આઠ માસ અગાઉથી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન, તરૂણીનાં ઘરે, તરૂણીની મરજી વિરૂધ્ધ અવાર-નવાર શરીર સબંધ બાંધ્યો હતો અને બિભત્સ ફોટા પાડી, જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૩૫૯/૧૬**

**રામોલઃ** ભારતીબહેન રમેશભાઈ પ્રજાપતિ (ઉ.વ.૧૬)(રહે. આશાનગર સોસાયટી ગોપાલ ડેરીના ખાંચામાં સિંધવાઈ મંદિર સામે સીટીએમ રામોલ) ને તા.૧૯/૨/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી તુષારભાઈ ઘનશ્યામભાઈ સુથાર (રહે. અરવિંદ પાર્ક સોસાયટી સીટીએમ રામોલ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ભારતીબહેનના પિતા રમેશભાઈ પ્રજાપતિએ તા.૨૨/૨/૧૬ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**શાહપુર :** શિવાનીબહેન નરેશભાઈ દાતણીયા (ઉ.વ.૧૬)(રહે.કૃષ્ણચોક, નાગોરીવાડ, શાહપુર) ને તા.૨૧/૨/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી સુરજ ઉર્ફે સોનુ પંકજભાઇ દંતાણી ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ શિવાનીબહેનના પિતા નરેશભાઈ દાતણીયાએ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જે.ગઢવી ચલાવે છે.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૦/૧૬</u>**

**ઇસનપુર :** અમિતાબહેન વિનોદભાઇ પંડ્યા (રહે.શાકુંતલ ફ્લેટ, રામવાડી પાસે, ઇસનપુર) એ તા.૨૨/૨/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ફેબ્રુઆરી ૨૦૧૫ થી તા.૧૪/૫/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) સંજીવ મલીક અને (૨) અશીતા શર્મા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગામળી મોબાઇલ નંબર ૯૧-૧૨૦૪૧૮૬૧૫૦ અને ૯૦૧૫૦૮૯૩૬૬ ઉપરથી અમિતાબહેનને ફોન કરી લોભામણી લાલચ આપી, રૂપિયા ૩,૦૦,૦૦૦/- આરોપીઓએ પોતાના ખાતામાં જમા કરાવડાવી, અમિતાબહેન સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૧/૧૬</u>**

**સોલા હાઇકોર્ટ :** રાજેશભાઈ કાંતીલાલ ગાંધી (રહે.પ્રતિક્ષા એપાર્ટમેન્ટ, સોલા રોડ, ઘાટલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૨/૧૬ સાંજના ૭/૦૦ થી તા.૨૨/૨/૧૬ સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન સોલા આર.સી.ટેકનીકલ રોડ ખાતે આવેલ પોતાનાં ભાગવત બંગ્લોઝનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૩૬૨/૧૬</u>**

**મણીનગર :** રાજશ્રીબહેન રમેશભાઇ ક્ષત્રિય (ઉ.વ.૬૦)(રહે.સેક્ટર-૨/બી, ગાંધીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૨/૧૬ બપોરના ૧/૦૦ થી ૧/૧૫ વાગ્યા દરમ્યાન મણીનગર દક્ષીણી સોસાયટી, પારસમણી ફ્લેટમાં આવેલ પોતાનાં ભાઇનાં ઘરે મુકેલ પોતાના પર્સની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. જે પર્સમાં સોનાની કંઠી કિંમત રૂપિયા ૩૦,૦૦૦/-, મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬,૦૦૦/- ની મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)